આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જો હું અહંભાવ કરું છું તો હે ઇશ્વર!! તું પ્રાપ્ત થતો નથી, અને તું પ્રાપ્ત થાય છે, તો અહંભાવ રહેતો નથી

- ગુરુ નાનક

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૨૬ | ૯ ફેબ્રુઆરી, ૨૦૧૫, સોમવાર ; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં સ્વાઈન ફલુનો હાહાકાર : વધુ ૩ કેસ

## છુટા છવાયા પાણીજન્ય રોગના દર્દીઓ પણ નોંધાઈ રહ્યા છે : તંત્રની દોડધામ : આજે ૩ એ મહિલા દર્દી નોંધાયા : કુલ કેસ ૧૫

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર સતત વધી રહ્યો છે. આજે ત્રણ નવા કેસ સામે આવતાં આરોગ્ય તંત્ર લાચારીની સ્થિતિમાં મુકાઈ જવા પામ્યું છે.

આજે નોંધાયેલા ૩ કેસો મહિલા દર્દીઓના છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફુલના દર્દીઓનો આંક ૧૫ પર પહોંચ્યો છે. એક મહિલા દર્દીનું મૃત્યુ શરૂઆતમાં થયું હતું. બે દર્દીઓ સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં નોંધાયેલા ૧૫ કેસોમાં ૮ પુરૂષ દર્દી અને ૭ મહિલા દર્દી નોંધાયા છે. જિલ્લામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને પગલે તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા ૩ દર્દીમાંથી બે દર્દી અમદાવાદ સિવીલમાં સારવાર હેઠળ છે જયારે એક દર્દી ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયાં ત્રણે દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આજે નોંધાયેલા ત્રણે કેસમાં એક કેસ દહેગામના બારડોલી કોઠી ગામે નોંધાયો છે. ૨૫ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેરને અડીને આવેલ વાસણા હડમતિયામાંથી ૪૮ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

ત્રીજો કેસ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર રાયસણ-કોબા વચ્ચે આવેલ વૃંદાવન બંગ્લોઝમાં ૪૨ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં અમદાવાદ ગાંધીનગર માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફુલ માટે તંત્ર એ સર્વે હાથ ધર્યો છે તો બીજી તરફ આયુર્વેદ દ્વારા લોકોમાં રોગપ્રતિકારક શકિત વધે તે માટે સતત ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જો કે તંત્રની ઊંઘ આ રોગચાળાને પગલે હરામ થઈ જવા પામી છે.

જિલ્લામાં છુટા છવાયા પાણી જન્ય રોગચાળાના કેસો પણ નોંધાઈ રહ્યાનું ધ્યાને આવ્યું છે. તંત્ર એ સર્વેલન્સને સઘન બનાવવા માટેના આદેશો જારી કરવામાં આવ્યા છે.



વસંતના વધામણા - પ્રત્યેક ડાળીએ, કળીએ પાંદડે અને પાંખડીએ કેટલાય દિવસો સુધી સૂરજ, પવન અને પરમેશ્વર મળીને ઝીણું ઝીણું ભરતકામ કરે ત્યારપછી વસંતનું આગમન થતું હોય છે... જે માણસને વસંત આવે અને જાય એ વાતે કોઈ જ પજવણીનું અનુભવ નથી થતો, એ માણસ દુનિયાની બીજી બધી જ પજવણીઓનો ભોગ બનવા માટે લાયક ગણાય છે... જે વ્યક્તિ થનગની ઉઠવાની ક્ષમતા ગુમાવી બેસે એને મન સંત શું ? અને વસંત શું ? અને એટલે જ વસંતને લાગણીની ઋતુ કહેવાય છે, પ્રસન્નતાની ઋતુ કહેવાય છે... વસંત પંચમીને લાગણીનું બેસતુ વર્ષ કહેવાય છે... વસંત પ્રકૃતિ વૈભવની પરમ અનુભૂતિ છે... પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે ખીલે અને બંનેનું સંમિશ્રિત સંયોજન જીવન અને જગતમાં અનુભવાય એને વસંત કહે છે... આવી વસંતને વધાવવા પ્રસન્નતા અનિવાર્ય છે... ગાંધીનગરને આંગણે પ્રકૃતિની ગોદમાં વસંત પ્રગટી છે... આવો પ્રસન્નતાના થાળ લઈ વસંતને વધાવીએ... રૂડો જૂઓ આ ઋતુરાજ આવ્યો... મુકામ તેણે વનમાં જમાવ્યો.... (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લામાં બે પેટા ચૂંટણીઓમાં શાંતિપૂર્ણ મતદાન : મંગળવારે મતગણતરી

## પેથાપુરમાં ૫૮ ટકા તો રાંચરડામાં સરપંચ માટે ૮૦ ટકાથી વધુ મતદાન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની પેટા-ચૂંટણીનું મતદાન આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું છે. આ પેટા ચૂંટણીની મત ગણતરી મંગળવારે મામલતદાર કચેરી ખાતે હાથ ધરવામાં આવશે.

પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૧૦ની ખાલી પડેલી એક બેઠક માટે આજે યોજાયેલ પેટા ચૂંટણીમાં ૫૮ ટકા જેટલુ મતદાન નોંધાયું હતુ. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે અહિ સીધી સ્પર્ધા છે. બન્ને પક્ષના કાર્યકરોએ આજે સવારથી મતદાન વધે તે માટેના પ્રયાસો કર્યા હતા.

લગ્નસરાની મોસમ હોવાને કારણે મતદારોએ પણ મતદાનમાં ઉદાસીનતા દાખવી હતી. આ ઉપરાંત હવે ટુંકમાં જ સામાન્ય ચૂંટણીઓ પણ આવી રહી હોવાથી મતદારો અને કાર્યકરોમાં બહુ ઉત્સાહ દેખાતો ન હતો.

કલોલ તાલુકાના રાંચરડા ગામે સરપંચની ચૂંટણીમાં આજે ભારે મતદાન જોવા મળ્યું હતું. સાંજ સુધીમાં ૮૪ ટકા કરતાં પણ વધુ મતદાન થતાં અહિનો જંગ રોચક બન્યો છે.

આ ઉપરાંત ગાંધીનગરના સાદરા, કલોલના નારદીપુર તેમજ દહેગામના કડાદરા પંથકમાં પેટા-ચૂંટણીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની ચૂંટણીઓ પૂર્વે યોજાયેલ આ પેટા-ચૂંટણીને પગલે રાજકીય પ્રક્ષોની સક્રિયતા વધેલી જોવા મળી હતી.

# મેડીકલ કોલેજની મંજૂરી માટે મંગળવારે આરોગ્ય મંત્રાલયમાં રજુઆત કરાશે

## દિલ્હીથી તેડુ આવતાં કોલેજ સત્તાવાળાઓએ તૈયારી વેગીલી બનાવી : હોસ્પિટલમાં કેજ્યુલ્ટી વોર્ડ ૨૫ પથારીનો થશે : સોમવારે નવા સંકુલના ઓ.ટી.માં ઓપરેશનો હાથ ધરાશે : ભારત સરકાર દરમ્યાનગીરી કરશે

ગાંધીનગર, તા. ૮

ઘોંચમાં પડેલી મેડિકલ કોલેજના ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરીને મુદ્દે ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓને ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે તેડુ મોકલી રજુઆત કરવા જણાવ્યુ છે. મંગળવારે કોલેજ સત્તાવાળાઓ દિલ્હી જશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓ મેડીકલ કાઉન્સીલ દ્વારા રજુ કરાયેલ ક્ષતિપૂર્તિનો પ્રત્યુત્તર કાઉન્સીલને આપે તે પૂર્વે આરોગ્ય મંત્રાલય સમક્ષ સંપૂર્ણ પ્રેઝન્ટેશન કરવા જણાવાયું છે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ઈન્સ્પેકશન ટીમે જે ક્ષતિઓ બતાવી છે તે આંતર માળખાકીય સુવિધાને લઈને છે. આ ઉપરાંત બીજી પણ કેટલાક મહત્વના મુદ્દાઓ છે. આ વખતે પણ કાઉન્સીલ અને મેડીકલ કોલેજના સત્તાવાળાઓ સામ સામે આવી ના જાય તે ધ્યાને રાખી ભારત સરકારે દરમ્યાનગીરી કરી અને રજુઆત પહેલાં મળવા જણાવ્યું છે.

હાલ તો મેડીકલ કોલેજના સત્તાવાળાઓ ભારત સરકાર સમક્ષ રજુઆત કરવા માટેનું પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં પડ્યા છે. કોલેજના ડીન સહિત ૩ જેટલા ઉચ્ચ અધિકારીઓની ટીમ દિલ્હી મંગળવારે સવારે પહોંચશે અને આરોગ્ય મંત્રાલય સાથે બેઠક કરી કોલેજની સુવિધાઓ અને હોસ્પિટલની સેવાઓને લઈ પ્રેઝન્ટેશન રજુ કરશે એટલુ જ નહિ ક્ષતિપૂર્તિ માટે કરાયેલી કામગીરી અને ક્યાં સુધીમાં તે બધીજ કાર્યવાહી પૂર્ણ થશે તેની વિગતોથી વાકેફ કરશે.

મળતી વિગતો પ્રમાણે આગામી સપ્તાહમાં જ મેડીકલ કાઉન્સીલને ક્ષતિપૂર્તિ અંગેનો અહેવાલ આપવાની મુદત પૂર્ણ થઈ

● અનુસંધાન પાન-૭ પર




૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬




